પાટણનું ગૌરવ



શ્રી પાટણ પાંજરાપોળ


# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૧૩ • સળંગ અંક ૧૦૮ • મુંબઈ • નવેમ્બર ૨૦૧૫ • પાના ૨૪

• છૂટક નકલ રૂ. ૨/- • RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


ચાલો પાટણ

## સંસ્થાની શતાબ્દી ઉજવણીના અવસરે... બુધવાર, તા. ૧૬-૧૨-૨૦૧૫



### પ્રમુખ સ્થાનેથી...

શ્રી પાટણ જૈન મંડળ અને પાટણ સમાજ શતાબ્દીની ઉજવણીની તૈયારી માટે થનગની રહ્યું છે. આપણે ૧૦૩ વર્ષની મંઝિલ પૂરી કરીને પ્રગતિના નવા સોપાન ચઢી રહ્યા છીએ, ત્યારે સર્વ પટણીઓ માટે આ પ્રસંગ ગૌરવ અપાવનાર અને યાદગાર બની રહેશે.

આ પ્રસંગની શાનદાર ઉજવણીનો પ્રારંભ શ્રી પાટણ જૈન મંડળ પાટણ ખાતે ગુજરાતના ગવર્નર, માનનીય **શ્રી ઓ.પી. કોહલીના** વરદ હસ્તે થશે. તે જ સમયે પાટણ ખાતે આર્ટસ, સાયન્સ અને કોમર્સ કૉલેજના નવા બિલ્ડીંગનું ભુમિપૂજન થશે. શ્રી પાટણ જૈન મંડળે શિક્ષણને હંમેશા પ્રાધાન્ય આપેલ છે. આપણા વડિલોએ પાટણ સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે અનેક પરિકલ્પનાઓ કરી હતી. પાટણ સમાજ સુશિક્ષિત, સુસંસ્કૃત અને સમૃદ્ધ બને તે માટે ૧૦૩ વર્ષ પહેલાં સામુહિક, લોકશાહીની પદ્ધતિએ ચાલતી સંસ્થાની શુભ શરૂઆત કરી હતી.

પ્રત્યેક પટણીનું કર્તવ્ય છે કે, આ ઉજવણીમાં ઉલ્લાસભેર ભાગ લે, અને મોટી સંખ્યામાં પાટણ ખાતે હાજર રહેવા હું આપ સૌને હાર્દિક આમંત્રણ આપું છું.

શ્રી પાટણ પાંજરાપોળે તા. ૧-૧૧-૨૦૧૫ના રોજ એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરીને પટણીઓના જીવદયા પ્રેમની પુષ્ટિ કરી હતી. અબોલ પશુઓના પોકાર સાંભળીને પટણી પરિવારોએ દાનનો વરસાદ વરસાવી દીધો, અન્ય સમાજના અગ્રણીઓ પણ આ જાણીને ભાવવિભોર થઈ ગયા હતા. પાટણને મહારાજા કુમારપાળનો જીવદયાનો વારસો મળેલ છે તેની પ્રતીતિ થઈ ગઈ. આજની વધતી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ત્રીજું)

## From President's Desk...

It is my great pleasure and privilege to initiate the Centenary Celebrations of Shree Patan Jain Mandal. As it turns out, the wait has been worthwhile since the Celebration year will be a memorable Event for all Patanis. This is a rare event in the life of any community residing in Mumbai, especially amongst Jains - **103 years - Wow!**

On **16th December 1912,** our forefathers formalized our Mandal through a valid Democratic Institution covering all strata of our Society. It is but natural that all of us have been eagerly looking forward for it's Grand Celebrations. It is a matter of pride for all of us and I assure all Patanis that we will leave no stone unturned in making this year an eventful year, where not only all of us will get-together in large numbers but will be equally helpful and caring towards every family in our community so that they feel that the Mandal and the Samaj are looking after their needs well.

Glorious Celebrations will start from our roots, namely from Patan itself, on Wednesday, **16th December 2016.** We will have the beginning of the Celebrations at Patan by the hands of Hon. Governor of Gujarat, Shri O P Kohliji. Shree Patan Jain Mandal started its first activity by serving the Educational needs of Patanis. It is a heavenly coincidence that on this very day, our Mandal will start it's celebrations by doing Bhumi Pujan of Grand New College Buildings to house Arts, Commerce, Management and Science & Technology. Hon. Governor Shri O P Kohli ji will perform the Bhumi Pujan in the morning at the Vijay Muhrat of 12:39 pm.

It is our holy duty to remain present on this day and pay our respects to our forefathers who had Vision and Foresight for starting this Institution in Mumbai. I strongly request and appeal all members to remain present in large numbers on this occasion.

(Cont'd on Pg 3)

# ચાલો પાટણ

Shree Patan Jain Mandal

## સંસ્થાની શતાબ્દી ઉજવણીના અવસરે...

શ્રી પાટણ જૈન મંડળની સ્થાપનાને ૧૦૩ વર્ષ પૂર્ણ થવાની તૈયારીમાં છે ત્યારે સંસ્થાના ઝળહળતા અસ્મરણિય સંસ્મરણોની ઉત્સાહભેર શતાબ્દી ઉજવણીની સાતત્યમાં પાટણ ખાતે બુધવાર, તા. ૧૬મી ડિસેમ્બરના સંસ્થાના સ્થાપનાના શુભ દિને, ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ **શ્રી ઓ.પી. કોહલી** સાહેબના વરદ હસ્તે સંસ્થાના સંસ્મરણોની વિકાસગાથાના ગ્રંથ ''**કેપસ્યુલ**'' સ્વરૂપે ભૂમિમાં ઊતારવામાં આવશે.

## કૉલેજ સંકુલ - નૂતન મકાનનું ભૂમિ પૂજન

મંડળની શતાબ્દી ઉજવણીના પ્રારંભે પાટણ ખાતે સંસ્થાના ૧૦૪માં સ્થાપના દિન, બુધવાર, તા. ૧૬-૧૨-૨૦૧૫ના સવારે ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ **શ્રી ઓ.પી. કોહલી** સાહેબના વરદ હસ્તે શ્રી પાટણ જૈન મંડળ કેમ્પસ, પાટણ ખાતે આર્ટસ, સાયન્સ અને કોમર્સ કૉલેજના નૂતન મકાનનું ભુમિ પૂજનનું આયોજન શાનદાર રીતે યોજવામાં આવેલ છે.

ઉપરોક્ત બન્ને ગૌરવવંતા પ્રસંગોએ સમાજના સર્વે ભાઈ-બહેનોને પાટણ ખાતે પધારવા નિમંત્રણ છે.

### કાર્યક્રમની રૂપરેખા

**દિનાંક : સંવત ૨૦૭૨, માગસર સુદ ૫, બુધવાર, તા. ૧૬-૧૨-૨૦૧૫**

**સ્થળ : શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય સંકુલ, ફાટીપાળ દરવાજા, પાટણ**

| | |
|---|---|
| સવારે | ૭.૦૦ થી ૮.૦૦ સ્નાત્ર મહોત્સવ, શ્રી પંચાસરા પાર્શ્વનાથ જીનાલય |
| સવારે | ૮.૦૦ થી ૮.૪૫ નવકારશી, પાટણ જૈન ભોજનશાળા |
| સવારે | ૯.૧૫ થી ૧૦.૦૦ હાથીની અંબાડી પર કેપસ્યુલની ભવ્ય યાત્રા, પંચાસરા પાર્શ્વનાથ જીનાલયથી |
| સવારે | ૧૦.૧૫ થી ૧૧.૦૦ કેપસ્યુલ ભુમિમાં પ્રસ્થાપિત |
| સવારે | ૧૧.૦૦ થી ૧૧.૪૫ શ્રી ઓ.પી. કોહલી, માનનીય ગર્વનર-ગુજરાતના વરદ હસ્તે શતાબ્દી ઉજવણી કાર્યક્રમનો પ્રારંભ |
| સવારે | ૧૧.૪૫ થી ૧૨.૩૦ કૉલેજ સંકુલ - નૂતન મકાન ભૂમિ પૂજન સમારંભ |
| બપોરે | ૧૨.૩૦ થી સ્વરૂચી ભોજન, વિદ્યાલય સંકુલ |
| બપોરે | ૨.૩૦ થી ૪.૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન |
| સાંજે | ૪.૩૦ થી ૫.૦૦ ચા-નાસ્તો, વિદ્યાલય સંકુલ |
| સાંજે | ૫.૦૦ થી ૭.૦૦ કૉલેજ, ભો.દો.શાળાના વિદ્યાર્થિઓ અને એસ.કે. બાલમંદિર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ. |

વધુ વિગત માટે સંપર્ક :

શ્રી પાટણ જૈન મંડળ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦. ફોન : ૨૨૮૧૧૩૪૬

Email: patanmandal@gmail.com

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

જતી મોંઘવારીમાં વૃદ્ધ અને બીમાર પશુઓને સાચવવાનું મુશ્કેલ બનતું જાય છે, ત્યારે પાટણ સમાજે જે રીતે દાનની ગંગા વહેવડાવી, તે ખરેખર અનુમોદનીય છે.

**રવિવાર તા. ૧૦-૧-૨૦૧૬ને** દિવસે શ્રી પાટણ જૈન મંડળે **સામુહિક નવકાર મંત્રના જાપનું** આયોજન યોગી સભાગૃહ, દાદર ખાતે કરેલ છે. દરેક જૈનના શ્વાસોશ્વાસમાં નવકાર મંત્ર રહેલો છે. નવકાર મંત્રના જાપથી સઘળી ઉપાધિઓનો અંત આવે છે. જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ આવે છે. આપણા પાટણના સઘળા પરિવારો આ સામૂહિક પૂણ્ય ઉપાર્જન કરવા પધારો તેવી મારી હૃદયપૂર્વકની અપીલ છે.

વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા પાટણ ખાતે **તા. ૫ ડિસેમ્બરના નૂતન વિદ્યા મંદિર ખાતે સાર્વજનિક ધોરણે ફિઝિયોથેરેપી મેડીકલ કેમ્પનું આયોજન** કરવામાં આવેલ છે જેના સૌજન્યદાતા (કપુર મહેતાના પાડો)ના **શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ, રેનેસન્સ ફાઉન્ડેશન છે.**

**તા. ૫-૧૨-૨૦૧૫ના પ્રથમ દિશા કાર્યશાળાનું નામકરણ બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વરજી જૈન દેરાસર ચેરીટેબલ ટ્રસ્ટ ત્યારબાદ ફિઝિયોથેરેપી કેમ્પનું ઉદ્‌ઘાટન ડૉ. રતનકવર ગઢવી ચારણ (IAS) જિલ્લા વિકાસ અધિકારી, પાટણના વરદ હસ્તે થનાર છે,** તે પ્રસંગે આપ સર્વેને ઉપસ્થિત રહેવા વિનંતી.

અંતમા નવા વર્ષની આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. નવું વર્ષ આપના જીવનમાં અનેક ખુશીઓ લઈને આવે તેવી હું પ્રભુને પ્રાર્થના કરું છું.

❑ **દિનેશ શાંતિલાલ શાહ**

## FROM PRESIDENT'S 1DESK... (Cont. from Page 1)

Shree Patan Panjrapole is Patan's Pride and more than that, the collective involvement of the entire Society in providing large hearted donations for this Cause of Jivdaya on 1st November 2015 has been heartwarming for all Patanis and also for Jains in other communities. This is a matter of collective responsibility and collective Punya.

Also for the first time, Shree Patan Jain Mandal is organising a Collective Navakar Mantra Jaap at Yogi Sabhagruh on 10th January 2016. All persons who wish to participate in this Collective Navkar Mantra Jaap should collect their passes from Mandal Office or it's authorized Representatives. Please don't miss this opportunity for this great pious event.

Vikalang Utkarsh Committee has arranged a Physiotherapy Medical Camp & Naming of Disha Karyashala as **Babu Amichand Panalal Adishawarji Jain Derasar Cheritable Trust. Ceremony will take place on 5-12-2015 at Nutan Vidhyamandir at Patan by Chief Guest Dr. Ratankanvar Gadhvi Charan (IAS) Dist. Development Officer.** All are invited to be present at this function. This Medical Camp will sponsored by Renisaince Foundation, represanted by Smt. Kalpanaben Niranjanbhai Amrutlal Shah (Kapoor Mehtano Pado)

My heartiest wishes to One and All for the Coming New Year. May this year bring Cheers, Happiness & Prosperity in everyone's Life.

❑ Dinesh Shantilal Shah


# કનાસા કલ્યાણ કેન્દ્ર



## શિયાળો આવ્યો સાલમપાક લાવ્યો

કાર્તિક પૂર્ણિમા પછી શરૂ થશે

મિઠાઈ ઓછામાં ઓછા ૨૦ કિલોના ઓર્ડરથી બનાવી આપવામાં આવશે

રાબેતા મુજબ ઘી - સાદા, મસાલા, જીરા ખાખરા, તિખી અને મીઠી મુંગડી, સફેદ મરી અને લાલ પાપડ મળશે.

હવે આપને મઠ અને મેથીના ખાખરા પણ શિયાળામાં મળશે.

સંપર્ક : પાટણ - ૦૨૭૬૬ ૨૨૪૭૨૦, મુંબઈ - ગોરેગામ - જીતુભાઈ - ૦૨૨ ૩૨૦૫૩૬૯૦ • વિલે પાર્લે - જયેશભાઈ - ૦૯૯૨૦૩૮૫૫૯૭

**નવી મેમ્બરશીપ ડિસેમ્બર માસથી શરૂ કરવામાં આવશે**

**અતિથિગૃહ**

- KKKના અતિથિગૃહમાં ૪ બ્લોક તથા શ્રી શીતલ શાંતિભવન ખાતેના ત્રણ બ્લોકોની વ્યવસ્થા છે.
- આ દરેક બ્લોકમાં એસી, ટીવી તથા ગરમપાણી સહીત અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવકારશી, બપોરના જમવા સાથે ચઉવિહારની સગવડ છે.
- પાટણ દર્શનની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

કનાસા કલ્યાણ કેન્દ્ર બુકિંગ માટે સંપર્ક : પાટણ ૦૨૭૬૬ ૨૨૪૭૨૦

જનકભાઈ બાલુભાઈ શાહ : ૦૯૩૨૩૧ ૧૫૭૧૪ • કમલભાઈ બાબુભાઈ શાહ : ૦૯૮૨૦૦ ૬૩૭૬૨

શ્રી શીતલ શાંતિભવન બુકીંગ માટે સંપર્ક : શરદ પટવા - પાટણ - ૦૨૭૬૬૨૨૦૦૪૦ • શૈલેષ કેશવલાલ શાહ - ૯૮૨૧૦૨૩૬૯૩

ADVT

# શ્રી પાટણ જૈન મંડળનો ભાતીગળ ઈતિહાસ

## ‘ટાઈમ કેપસ્યુલમાં’

વર્ષ ૧૯૧૨માં સ્થાપિત શ્રી પાટણ જૈન મંડળની અનેકવિધ પ્રવૃત્તિઓ ઘેઘુર વડલાની જેમ દસે દિશામાં વિસ્તરી રહી છે. સંસ્થાના પ્રતિક, જ્ઞાન-દર્શન અને ચારિત્રને પૂર્ણતા ચરિતાર્થ કરી સમાજ વિકાસ, શિક્ષણ, મેડીકલ તથા અન્ય જરૂરિયાતવાળા ક્ષેત્રે સંસ્થાએ સવિશેષ મહત્વ આપ્યું છે. પરિણામલક્ષી, રચનાત્મક કાર્ય અને વિચારધારા થકી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર, સંપર્ક, સર્જન અને સંકલ્પ સાથે સમસ્યાઓના નિરાકરણ અર્થે સભ્યોને એકાંતમાંથી અનેકાંત તરફ લાવી પ્રગતિની નૂતન કેડી કંડારી છે.

**સમાજના પ્રતિષ્ઠાવંત દરિયાદિલ દાતા પરિવારો, દીર્ઘદ્રષ્ટિ આજી માજી ટ્રસ્ટીઓ, નિષ્ઠાવંત પ્રમુખો, નિઃસ્વાર્થ કાર્યકરો તથા કાર્યાલયના કર્મચારીઓએ સેવાની દીપશાખાને પ્રદીપ્ત બનાવવાના સંનિષ્ઠ પ્રયત્નો કર્યા છે.** સમાજ માટેના સ્નેહ અને સુખાકારિતાની અગત્યતા અને જરૂરિયાતને લક્ષ્યમાં રાખી કરેલ સમર્પિત કાર્યોની નખશીખ માહિતી ભાવી પ્રજાને સમયાનુસાર ચોક્કસપણે ઉપયોગી નીવડશે. સમાધિ અને સિદ્ધિ અપાવતા સહયોગ, સાધના, સમાધાન, સંપ, સંસ્કાર અને સ્નેહજીવનને જીવંત રાખવાના અને સભ્યોમાં સજ્જનતા, સૌમ્યતા અને સુસંસ્કૃત અભિજાત્ય સદૈવ નીતરતું રહે તેવી અસ્ખલિત વિચારધારા સંસ્થાએ સતત અપનાવી છે.

ટાઈમ કેપસ્યુલનો એક સૂક્ષ્મ વિચાર મનોમસ્તીષ્ક પર સવાર થયો જે વિકસીત થઈ સોનેરી શતાબ્દિ ઉજવણીને અવસરે આપ સૌના સાથ સહકારથી દબદબાપૂર્વક સાકાર થશે. આપણી ભાવી પ્રજાને અને યુવાફાલને સંસ્થાની પ્રગતિનો અદભુત ઈતિહાસ તેમની જાણકારી કે ભાવી અવસરોની ઉજવણી માટે સહાયભુત થઈ શકે અને કરેલા કાર્યોની સ્મૃતિ, વિસ્મૃત ન થઈ જાય તેવો ઉમદા આશય અને ઉદ્દેશ આપણે ધરાવીએ છીએ. **આજ કારણસર ‘‘ટાઈમ કેપસ્યુલ’’માં સંસ્થાનો ભાતીગળ ઈતિહાસ ખાસ હાથે બનાવેલ કાગળ કે જે ઓછામાં ઓછા ૨૦૦ થી ૩૦૦ વર્ષ સુધી ટકી શકે તેના પર શબ્દાંતરીત કરી ઉતારવાનું ખૂબ જ આવશ્યક લાગ્યું છે, સંસ્થાની યશસ્વી વિકાસગાથાનો ઈતિહાસ ડીજીટલ કરી અને તેની સાથે હાર્ડકોપી પણ મુકવાનું વિચાર્યુ છે.** આપણે જાણીએ છીએ કે, ટાઈમ કેપસ્યુલની વિચારધારા અનુસાર નાસા અને રોટરી ઈન્ટરનેશનલે, યુ.એસ.એ.માં, પૂર્વ વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ દિલ્હીમાં તથા વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ટાઈમ કેપસ્યુલ જમીનમાં ઉતારી છે.

ઉક્ત ટાઈમ કેપસ્યુલમાં સંસ્થાના નિતિનિયમો અને કાર્યકારિણી સિવાય વિદ્યાર્થીઓને કે સભ્યોને શિક્ષણ તેમજ વ્યવસાયિક માર્ગદર્શન, વરિષ્ઠ નાગરિક સહાય, વિકલાંગ સહાય, આર્થિક ભાડા સહાય, મહિલા ઉત્કર્ષ તથા અન્ય સહાયની કોર્પસ નિધિની વિગત સાથે સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવેલ સમાજ વિકાસ ફંડ, રીવોલ્વીંગ ફંડ, મેમોરીયલ ફંડ, લેન્ડ એન્ડ બિલ્ડીંગ ફંડ વિગેરે વિગતોનો પણ સમાવેશ કરવામાં આવશે.

ઉપર જણાવ્યા અનુસાર **ત્રણે કેપસ્યુલો અનુક્રમે ૧૬મી ડિસેમ્બર ૨૦૬૨ (૧૫૦ વર્ષ), ૧૬મી ડિસેમ્બર ૨૦૮૭ (૧૭૫ વર્ષ) તથા ૧૬મી ડિસેમ્બર ૨૧૧૨ (૨૦૦ વર્ષ) વખતે ખોલવામાં આવશે.** ભવિષ્યમાં પણ આ જ પ્રણાલિકાનું અનુકરણ ચાલુ રહે તેવું આયોજન છે. કાળક્રમે પછીના વર્ષોની વિગતો અને ઈતિહાસ આમેજ કરવાનો રહેશે.

### ટાઈમ કેપસ્યુલમાં નીચે મુજબના દસ્તાવેજો તથા વિગતો મુકવાની વિચારણા છે

**૧) તા. ૧૬-૧૨-૧૯૧૨ સંસ્થાની સ્થાપનાનો દસ્તાવેજ**
**૨) રજત જયંતિની વિગત**
**૩) સુવર્ણ જયંતિ મહોત્સવ બુક**
**૪) ડાયમંડ જ્યુબીલી વિગત**
**૫) અમૃત મહોત્સવની વિગત.**
**૬) ૯૦ વર્ષની ઉજવણીની વિગત (ગુજરાતી તેમજ અંગ્રેજીમાં)**
**૭) પ્રથમ પ્રતિબિંબની પ્રત તથા અન્ય મહત્વના કાર્યો આલેખતા પ્રતિબિંબની પ્રતો**
**૯) મિલેનિયમ બુક (પાટણના દેરાસરો અને સંસ્થાઓની વિગત)**
**૧૦) વસ્તીપત્રક**
**૧૧) સંસ્થાના ટ્રસ્ટીઓ પ્રમુખો તથા હોદ્દેદારોની સને ૨૦૧૫ સુધીની વિગત**
**૧૨) સંસ્થાની ૧૦૩ વર્ષોની કાર્યોની ગતિવિધિની વિગત**
**૧૩) પાટણની અન્ય સંસ્થાઓ**

પાટણની અન્ય સંસ્થાઓ કે કોઈ બાકી રહેતી વિગત જરૂરિયાત અનુસાર કેપસ્યુલમાં મુકવામાં આવશે. શ્રી પંચાસરા જિનાલયથી હાથી ઉપર ત્રણે કેપસ્યુલને વાજતે ગાજતે લઈ જઈ સંસ્થાની બોર્ડીંગના પરિસરમાં જમીનમાં નીચે ઉતારવાનું સુનિશ્ચિત કરેલ છે.

આમ બધી વિગતો જરૂરિયાત અનુસાર કેપસ્યુલમાં મુકવામાં આવશે. કેપસ્યુલને સંસ્થાની બોર્ડિંગના પરિસરમાં જમીનમાં નીચે ઉતરવાનું નક્કી કરેલ છે.

આ અનેરા અવસરે હું વ્યક્તિગત તથા સંસ્થા તરફથી આપ સૌને તા. ૧૬-૧૨-૨૦૧૫ના રોજ પાટણ પધારી અવસરની શોભામાં અભિવૃદ્ધિ કરવા હાર્દિક ઈજન આપુ છું.

**ભરતભાઈ નેમચંદ શાહ**
કન્વીનર : ટાઈમ કેપસ્યુલ પ્રોજેક્ટ
ટ્રસ્ટી : શ્રી પાટણ જૈન મંડળ

## તંત્રી સ્થાનેથી...

# શ્રી મહાવીર પ્રભુનું નિર્વાણ અને દીપોત્સવી પર્વ

દીપોત્સવીના પર્વની ઉત્પત્તિના સંબંધો હિંદુ ધર્મ મુજબ રામ-રાવણના પ્રસંગો આધારિત છે. તે માત્ર જનશ્રુતિ પર આધારિત છે. પરંતુ આ પર્વનો ખરેખરો સંબંધ જૈન ધર્મ પ્રભુ મહાવીરનું નિર્વાણ અને શ્રી ગૌતમસ્વામીના કેવલજ્ઞાન સાથે હોવાથી ઈતિહાસ પણ જૈનો સાથે સંમત છે.

આ પાવન નગરીમાં દેવતાઓએ ત્રણ ગઢથીને વિભૂષિત એવું સમવસરણ પ્રભુને દેશના દેવા માટે રચ્યું હતું. પ્રભુ પોતાના આયુષ્યનો અંત નજીક આવતો જાણીને સુર-આસુરોએ રચેલા સમવસરણમાં છેલ્લી દેશના સાંભળવા ઈન્દ્રો ત્યાં આવ્યા અને તે સમયે પ્રભુને નમસ્કાર કરી તેમની સ્તુતિ કરી. અમાવસ્યાએ પાછલી રાતનો સમય હતો. ભગવાન છ ટંકનો ઉપવાસ કર્યો હતો. આ સમયે ગૌતમ ગણધરે ભગવંતને પ્રણામ કરીને કહ્યું; ‘હે સ્વામિન, ત્રીજા આરાને અંતે ભગવાન ઋષભસ્વામી થયા અને ચોથા આરામાં શ્રી અજિતનાથ વિગેરે ત્રેવીશ તિર્થંકરો થયા અને અંતે આપ થયા. આ પ્રમાણે અવસર્પિણીમાં જે બન્યું તે જોયું. તો હવે દુષમ નામના પાંચમાં આરામાં જે થવાનું છે તે કહો.’

વીર પ્રભુ બોલ્યા: ‘હે ગૌતમ ! અમારાં નિર્વાણ પછી, ત્રણ વર્ષ પછી પાંચમો આરો આવશે. આ આરામાં લોકો કષાયને કારણે લોપ બુદ્ધિવાળા અને મર્યાદા વિનાના હશે. જેમ જેમ કાળ જશે તેમ તેમ મોહ દશાવાળા અને અહિંસા વિગેરે ભાવનાઓથી વર્જિત થશે. ગામડા સ્મશાન થશે. અને શહેરો પ્રેતલોક જેવા હશે. ચોર ચોરીથી, રાજાઓ કરથી અને અધિકારીઓ લાંચ લઈને પ્રજાને હેરાન કરશે, પીડા આપશે. લોકો સ્વાર્થી બનશે અને પરમાર્થથી વિમુખ બનશે. સત્ય, લજ્જા અને દાક્ષિણ્ય વિનાના તેઓ પોતાના સ્વજનોનો વિરોધ કરશે.’

શિષ્યો ગુરુની આરાધના નહિ કરે. ગુરુઓ પણ શિષ્યભાવ નહિ રાખે. તેઓ ઉપદેશ વગેરે દ્વારા શ્રુતજ્ઞાન આપશે નહિ. ધર્મમાં મંદ બુદ્ધિ થશે તેમને દેવતાઓ પ્રત્યક્ષ થશે નહિ.

પુત્રી પિતાની અવજ્ઞા કરશે. વહુઓ સર્પિણી જેવી થશે અને સાસુઓ કાળરાત્રી જેવી થશે. કુલીન સ્ત્રીઓ લજ્જા છોડીને દ્રષ્ટિના વિકારથી તથા અન્ય પ્રકારના વિલાસોથી વેશ્યાઓને અનુસરશે. ચતુર્વિધ ધર્મનો ક્ષય થશે. સાધુ - સાધ્વીને પર્વ દિવસે કોઈ નિમંત્રણ નહિ આપે. ખોટા તોલ-માપ ચાલશે. ધર્મમાં શઠતા થશે, મણિ, મંત્ર, ઔષધિ, તંત્ર, વિજ્ઞાન, ધર્મ, આયુષ્ય, ફળ, પુષ્પ, રસ, ઊંચાઈ (શરીરની) અને બીજા શુભ ભાવોની પાંચમાં આરામાં હાનિ થશે.

આ પ્રમાણે પુણ્યના ક્ષયવાળો કાળ પ્રસરતા જેની બુદ્ધિમાં ધર્મ રહેશે તેનું જીવન સફળ ગણાશે. બાકી તો દુષમ કાળ પ્રવર્તશે. તેમાં ધર્મત્વ નષ્ટ થશે ને સર્વત્ર હાહાકાર થશે. પશુની જેમ માતા-પુત્રની વ્યવસ્થા રહેશે નહિ. લોકો અત્યંત કલેશ પામશે માતા-પિતાની આમન્યા રહેશે નહિ.

આ બધું પ્રભુના મુખેથી સાંભળીને ગૌતમ ગણધરે પુછ્યું કે, ‘હે સ્વામિન, કેવળજ્ઞાનરૂપી સૂર્ય ક્યારે અને કોના પરથી ઉચ્છેદ પામશે ?’

પ્રભુ બોલ્યા; ‘મારા મોક્ષગમન પછી કેટલેક કાળે જંબૂ નામના તમારા છેલ્લાં શિષ્ય કેવળી થશે. તેના પછી કેવળજ્ઞાન ઉચ્છેદ પામશે. અને કોઈને પણ મન:પર્યવજ્ઞાન પણ થશે નહિ. પરમાવધિજ્ઞાન પણ થશે નહિ. આ ઉપરાંત અન્ય ઉપદેશ આપી પ્રભુ સમવસરણમાંથી બહાર નીકળ્યા તે દિવસની રાત્રીએ જ પોતાનો મોક્ષ છે એ જાણી પ્રભુએ વિચાર્યું કે; ‘અહો ! ગૌતમનો સ્નેહ મારા ઉપર અત્યંત છે અને એ સ્નેહ જ તેમને કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં અંતરાય કરે છે. તેથી તે સ્નેહને મારે છેદી નાંખવો જોઈએ.’ આવું વિચારી પ્રભુએ ગૌતમને કહ્યું; ‘ગૌતમ, અહીંથી નજીકના બીજા ગામના દેવ શર્મા નામે બ્રાહ્મણ છે. તમે ત્યાં જઈ તેમને પ્રતિબોધ કરો. જેવી આપની આજ્ઞા. એમ કહી ગૌતમ વીર પ્રભુને વંદન કરીને તુરત જ બાજુના ગામમાં ગયા. અને પ્રભુનું વચન સત્ય કર્યું. અર્થાત્ તેને પ્રતિબોધ પમાડ્યો. અહીં આસો માસની અમાવસ્યાની પાછલી રાતે ચંદ્ર સ્વાતિ નક્ષત્રમાં આવતાં છઠ્ઠનો તપ કરેલો છે એવા શ્રી વીરપ્રભુએ પંચાવન અધ્યયન, પુણ્યફળ વિપાક સંબંધી અને પંચાવન અધ્યયન પાપવિપાક સંબંધી કહ્યા. ત્યાર પછી છત્રીસ અધ્યયન, અપ્રશ્ન વ્યાકરણ એટલે કોઈના પૂછ્યા વિના કહી છેલ્લુ પ્રધાન નામે અધ્યયન કહેવા લાગ્યા. તે સમયે આસનકંપથી પ્રભુનો મોક્ષ સમય જાણી સર્વ સુર-અસુર ને ઈન્દ્રો પરિવાર સહિત ત્યાં આવ્યા અને શકેન્દ્ર પ્રભુને પ્રણામ કરીને કહ્યું; ‘હે નાથ, તમારાં ગર્ભ, જન્મ, દિક્ષા અને કેવળજ્ઞાનમાં હસ્તોતશ નક્ષત્ર હતું. આ વખતે તેમાં ભસ્મકગ્રહ સંક્રાંત થવાનો છે. તમારા જન્મક્ષેત્રે સંક્રમેલો તે ગ્રહ કે ૨૫૦૦ વર્ષ સુધી તમારા સંતાન (સાધુ-સાધ્વી)ને બાધા ઉત્પન્ન કરશે. માટે તે ભસ્મકગ્રહ આપના જન્મક્ષેત્રે સંક્રમે ત્યાં સુધી આપ રાહ જુઓ કે જેથી તમારી દ્રષ્ટિએ સંક્રમણ થાય તો તમારા પ્રભાવથી તે નિષ્ફળ જાય. બીજાઓ પણ તેમને હૃદયમાં ધારણ કરે. તેઓના દુ:સ્વપ્ન, અપશુકન અને કુગ્રહ પણ શ્રેષ્ઠપણાને પામી જાય છે માટે હે સ્વામીન, જ્યાં તમે સાક્ષાત રહ્યા છો ત્યાં તો વાત જ શી કરવી? માટે પ્રસન્ન થઈને ક્ષણવાર રહો તો તે દુરાગ્રહનો ઉપશમ થઈ જાય.

પ્રભુ બોલ્યા; ‘હે શકેન્દ્ર, આયુષ્યને વધારવાને કોઈપણ સમર્થ નથી, તે તું જાણે છે છતાં તીર્થના પ્રેમથી મોહિત થઈને આમ કેમ બોલે છે ? આગામી દુષમકાળની પ્રવૃત્તિથી જ તીર્થને બાધા થવાની છે. તેમાં ભાવિત્યવતાને અનુસરીને આ ભસ્મકગ્રહનો પણ ઉદય થયો છે. આમ કહીને શુકલધ્યાનના ચોથા પાયા વડે કર્મબંધ રહિત થયેલા પ્રભુ મહાવીર ઉર્દ્વગમન કરી મોક્ષને પ્રાપ્ત થયા. તે સમયે ‘હવે સંયમ પાળવું મુશ્કેલ છે.’ એમ વિચારીને ઘણા સાધુ-સાધ્વીઓએ અનશન કર્યું. પ્રભુના નિર્વાણને જાણીને તે સમયે ભાવદીપકનો ઉચ્છેદ થવાથી સર્વ રાજાઓએ, સર્વ લોકોએ દ્રવ્ય દીપક કર્યા, ત્યારથી લોકોમાં દીપોત્સવીનું આ પર્વ પ્રવર્ત્યું.

❑ સંપાદક સમિતિ

## દીપાવલિના દિને દિલના દીપ જલાવો !

દીપાવલિના પર્વો આવ્યા, જાગો અરે ઓ ! જૈનો !
પાવાપુરીમાં પુનિત ક્ષેત્રમાં, દીપ બુઝાયો પ્રભુ વીરનો...

વરસી રહ્યો છે અમીરસ અંતરના ચાતક હૈયા મીલે,
લીન બન્યા છે મનડાં સહુના સૂર્યમુખી જેમ ખીલે...

નાથને નીરખી દેવ, મનુજ, મહારાજાના દિલડા ડોલે,
દિવ્ય દેશના દીધી પ્રભુએ, 'જીવો અને જીવવા દો'...

નેક ટેક ને પ્રેમ - ભક્તિના સબરસ સહુને પીવા દો,
દિઓ અભયના ઘંટ વગાડો, વેરનું વમન થવા દો...

લઈ શકો ના દુઃખ બીજાના તો સુખની ઈર્ષા રહેવા દો,
નાનકડી આ જિંદગી માહી સદ્‌ગુણ સુમન ખિલાવો...

દિલ મંદિરમાં દયા-કરૂણા, શ્રદ્ધાના દીપ જલાવો,
પરમાત્માની કરો પ્રાર્થના, અમ આંગણીએ આવો...

જગ જનના ઉદ્ધારક પ્રભુજી ! પ્રકાશ સર્વત્ર ફેલાવો,
લાખ લાખ સહુને શુભેચ્છા, સહુને સાલમુબારક...

**સંકલન : શ્રીમતી ભારતી બી. શાહ**

## નૂતન વર્ષાભિનંદન

પ્રિય આત્મજનો બંધુઓ,

વિક્રમ સંવત ૨૦૭૧ના વર્ષે વિદાય લીધી અને નવલુ પ્રભાત, નવો આનંદ, ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસ લઈને પ્રગટી ચૂક્યું છે. પરમાત્મા મહાવીર સ્વામીના નિર્વાણ કલ્યાણકના દિવસો પસાર થઈ ગયા, આરાધકોએ તેને આરાધનાથી વધાવ્યા, તપ, ત્યાગથી નિર્વાણ કલ્યાણકની ઉજવણી થઈ.

ભગવાન મોક્ષમાં પધાર્યા અને આ નૂતન વર્ષના મંગલ પ્રભાતમાં ગુરુ ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું, દીવે દીવો પ્રગટી ગયો છે તેનું નામ છે **દીપાવલી.**

ચાલો ! આપણે સૌ નૂતન વર્ષે પરમાત્માને નમન કરી, ગુરુ ભગવંતોને વંદન કરી, આપણા જીવનમાં સદાયે શીતળ છાયા આપનાર વડીલોના ચરણમાં નત્ મસ્તકે આશીષ માંગીએ. જીવન ધર્મમય બને, દ્રવ્યભાવ આરોગ્યની વૃદ્ધિ થાય અને જિંદગીનું સૌભાગ્ય ખીલી ઉઠે.

આપણા સૌની ભાવનામાં ભીનાશ આવે.
ભાષામાં મીઠાશ આવે.
સ્વભાવમાં સુવાસ પ્રગટે
જીવન મંગળ માળ બને.

શ્રી પાટણ જૈન મંડળના દરેકે દરેક પરિવારોને સંસ્થા તરફથી **''સાલમુબારક''**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**


**જગા વેચવાની છે**

તંબોલીવાડામાં આવેલ મકાન અને ખુલ્લી જગા સાથે આશરે ૨૦૦૦ સ્કે. ફૂટ. ભાડુઆત છે, તેની સાથેની જગા વેચવાની છે. એક દરવાજો તંબોલીવાડામાં અને બીજો દરવાજો પીપળાની શેરીમાં પડે છે. (શ્રી ચીનુભાઈનું વૈયાવચ્ચ (રસોડુ) છે તેની પહેલાં)

**સંપર્ક: જશવંતલાલ એ. શાહ**
તંબોલી પાડો, ઘીમટો, સુપાર્શ્વનાથ દેરાસરજીની સામે, પાટણ (ઉ. ગુ.)
**ટે. નં: ૦૨૭૬૬-૨૨૭૧૦૨**

।। શ્રી શંખેશ્વર ધીયા પાર્શ્વનાથાય નમઃ ।।

**વિનીત-રાજુલ :** ૯૦૨૨૮૦૮૬૨૨ Tel.: 28780553
**નીરજ-બીજલ :** ૮૦૮૦૬૫૬૬૧૫ Mo.:9322931462

**પાટણનું શુદ્ધ ઘી મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ...**

**શાહ વર્ષા દેવેન્દ્રકુમાર**

**SHAH VARSHA DEVENDRAKUMAR**

**Dealers in : Stainless Steel Utensils, Pure Ghee of Patan**
**All Kind of Dry Fruits, Masalas, Spies & C.T.C. Tea**
59-10, Jawahar Nagar, 1st Floor, Opp. Jain Temple,
Road No. 4, Goregaon (West), Mumbai-400 062. Advt

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોન: (02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ: પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)**

**સંપર્ક :** નિખિલભાઈ રવિન્દ્રભાઈ શાહ : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩
**સંદીપભાઈ રમેશચંદ્ર શાહ : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫**

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

• સૌજન્ય : મે.સી. વાડીલાલ એન્ડ કાં •

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા.૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા.૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૧૧,૦૦૦ | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

**લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે**

**લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે**

advt

# Medical Reliefs in July, Aug & Sept 2015

## Medical Reliefs Analysis (Rs '000)

| Disease | Institution H-Hosp., D-Diagnostic | Resi | Age | Sanc 15-16 |
|---|---|---|---|---|
| - | H- Baps Hospital | Surat | 76 | 10.0 |
| - | H- Sanjeevini | Virar | 53 | 2.5 |
| Accident | H- Baliga Nursing | Goregaon | 50 | 12.0 |
| Apendix | H- Nanavati Hospital | Goregaon | 11 | 10.0 |
| Asthama | D- Path Vision | Dahisar | 80 | 9.2 |
| B.P. | D- Ayush Labs | Sanpada | 74 | 11.9 |
| B.P. | D- Hitech | Kandivali | 59 | 5.6 |
| B.P. | | Patan | 63 | 3.8 |
| B.P. | H Manav Kalyan | Miraroad | 78 | 3.4 |
| B.P. | H Manav Kalyan | Miraroad | 71 | 4.1 |
| B.P. | D Plesese Hitech | Dahisar | 67 | 9.3 |
| B.P. | H Karuna Hospital | Borivali | 82 | 11.4 |
| B.P. | D-N.M. Medical | M.Drive | 90 | 7.0 |
| B.P. | | Kalyan | 76 | 3.0 |
| B.P. | D- Parag Lab | Goregaon | 78 | 2.2 |
| B.P. | | Virar | 67 | 1.6 |
| B.P., Diabities | D- Suburban | Goregaon | 63 | 3.0 |
| B.P., Diabities | D- uburban | Goregaon | 63 | 6.0 |
| B.P., Diabities | D- Suburban | Goregaon | 67 | 6.1 |
| Brain | H Saifee Hosp. | Borivali | 54 | 110.0 |
| Brain | H Saifee Hosp. | Borivali | 33 | 95.0 |
| Cancer | H Global Hospital | Dahisrar | 70 | 27.8 |
| Cancer | H Manav Kalyan | Goregaon | 64 | 4.1 |
| Cancer | D- Histopatho | Goregaon | 64 | 10.3 |
| Cancer | D- Metro Polls | Pune | 38 | 16.3 |
| Diabities | D- Ayush Labs | Sanpada | 73 | 7.5 |
| Diabities | | Borivali | 86 | 1.9 |
| Diabities | D- Krishna | Miraroad | 78 | 3.4 |
| Diabities | D- Krishna | Miraroad | 70 | 2.9 |
| Diabities | D- Vimal Diago | Borivali | 79 | 8.5 |
| Diabities | D- Kandarkar Lebo | Goregaon | 60 | 1.5 |
| Diabities | H Suvidha Hospital | Goregaon | 75 | 12.2 |
| Diabities | D- Bhide | Fort | 60 | 6.6 |
| Diabities | D- Bhide | Fort | 84 | 4.4 |
| Diabities | D- Bhide | Fort | 65 | 4.1 |
| Diabities | H Manav kalyan | Malad | 76 | 3.0 |
| Diabities | D- Asha Khetan | Goregaon | 49 | 1.2 |
| Diabities | D- Parag Lab | M.Drive | 62 | 2.6 |
| Ellergy | H Adarsh Surat | Surat | 54 | 2.2 |
| Eye | H Kumata eye | Borivali | 53 | 15.8 |
| Eye | H Bombay City | Gulalwadi | 71 | 2.5 |
| Eye & heart | H Shroff Eye | Chowpaty | 71 | 25.0 |
| Fever | D- N.M. Medical | Marin | 90 | 5.7 |
| Fever | D- Theapollo | Kandivali | 29 | 1.1 |
| Fever | Dr. Ajay Pethology | Miraroad | 54 | 5.8 |
| Fever | | Goregaon | 43 | 1.4 |
| Fracture | - | Bhayander | 71 | 2.0 |

## Medicines (Rs '000)

| Disease | Resi | Age | Sanc 15-16 |
|---|---|---|---|
| - | Borivali | 79 | 1.3 |
| Asthama | Borivali | 84 | 0.6 |
| BP, Diabi. | Goregaon | 80 | 0.9 |
| B.P. | Goregaon | 78 | 4.8 |
| B.P. | Goregaon | 77 | 0.3 |
| B.P. | Girgaom | 76 | 1.1 |
| B.P. | Borivali | 75 | 1.1 |
| B.P. | Borivali | 76 | 1.0 |
| B.P. | Bhayander | 65 | 1.3 |
| B.P. | Goregaon | 51 | 2.2 |
| B.P. | Goregaon | 75 | 1.5 |
| B.P. | Goregaon | 75 | 1.5 |
| B.P. | Goregaon | 50 | 2.1 |
| B.P. | Goregaon | 52 | 1.3 |
| B.P. | Kika Street | 63 | 1.2 |
| B.P. | Gulal | 63 | 0.6 |
| B.P. | Borivali | 52 | 0.8 |
| B.P. | Borivali | 49 | 1.9 |
| B.P. | M. Drive | 83 | 0.8 |
| B.P. | Bhayander | 65 | 5.9 |
| B.P. | Bhayander | 75 | 4.4 |
| B.P. | Chawpaty | 56 | 2.9 |
| Brain | Ahmedabad | 49 | 2.7 |
| Diabities | Goregaon | 67 | 4.6 |
| Diabities | Princess | 74 | 1.4 |
| Diabities | Princess | 74 | 1.3 |
| Diabities | Princess | 74 | 1.0 |
| Diabities | Goregaon | 60 | 0.6 |
| Diabities | Borivali | 67 | 0.9 |
| Diabities | Surat | 52 | 2.1 |
| Diabities | Borivali | 72 | 9.1 |
| Diabities | Borivali | 72 | 2.7 |
| Diabities | Borivali | 72 | 6.3 |
| Diabities | Bhayander | 65 | 1.5 |
| Diabities | Bhayander | 65 | 1.0 |
| Diabities | Goregaon | 51 | 1.6 |
| Diabities | Goregaon | 79 | 0.8 |
| Diabities | Goregaon | 75 | 1.3 |
| Diabities | Goregaon | 49 | 2.4 |
| Diabities | Borivali | 70 | 2.7 |
| Diabities | Borivali | 71 | 2.3 |
| Diabities | Borivali | 70 | 2.7 |
| Diabities | Borivali | 72 | 1.5 |
| Diabities | Patan | 72 | 3.6 |
| Diabities | Borivali | 50 | 1.3 |
| Ear | Virar | 66 | 0.7 |
| Fever | Virar | 66 | 0.3 |

# Medical Reliefs in July, Aug., & Sept 2015

## Medical Reliefs Analysis (Rs '000)

| Disease | Institution H-Hosp., D-Diagnostic | Resi | Age | Sanc 15-16 |
|---|---|---|---|---|
| Fracture | D- Kulkarni Ortho | Bhayandar | 57 | 3.9 |
| Gynec | D- Suburban | Goregaon | 38 | 2.6 |
| Gynec | D- Gurukrupa | Kandivali | 32 | 6.5 |
| Gynec | D- Gurukrupa | Kandivali | 32 | 3.6 |
| Gynec | D- Hospital, Lebo | Kandivali | 35 | 2.0 |
| Heart | H -Lilavati | Marin drive | 70 | 110.0 |
| Heart | D- N.M. Medical | Charniroad | 73 | 4.9 |
| Heart | D- Preoperative Invest. | Borivali | 82 | 7.4 |
| Heart | H -Karuna Hospital | Borivali | 83 | 32.0 |
| Heart | Jariwala | Borivali | 55 | 2.8 |
| Heart | H -arihant | Borivali | 72 | 2.1 |
| Heart | H -Hetan Heart | Patan | 44 | 2.8 |
| Heart | H -Cims care Hos.-Patan | Patan | 60 | 36.0 |
| Heart | H -Astha Lifecare | Borivali | 71 | 4.1 |
| Heart | | Ahmedabad | 53 | 2.8 |
| Heart | - | C.P.Tank | 69 | 3.6 |
| Heart | D- Hitesh | Ghatkopar | 74 | 4.4 |
| Heart | D- Amar | Dahisar | 66 | 3.2 |
| Heart BP | D- Dr. Revekar's Lebo | Nalasopara | 77 | 4.4 |
| Infection | H - Sadanand Hospitals | Borivali | 79 | 15.1 |
| Infection | H -Lifecare | Borivali | 79 | 10.8 |
| Kidney | D- Medipeth | Andheri | 81 | 8.0 |
| Kidney | D- Jariwala Leboratri | Andheri | 75 | 4.8 |
| Kidney | D- Hemangi Shah | Shirpur | 72 | 6.5 |
| Kidney | D- N.M. | Borivali | 56 | 5.4 |
| Kidney | D- N.M. Medical | Borivali | 22 | 30.0 |
| Kidney | H -Asha Parekh | Borivali | 71 | 2.4 |
| Leg | H -Kikabhai Hospital | Borivali | 80 | 55.0 |
| Leg | H -Kikabhai Hospital | Borivali | 82 | 10.0 |
| Leg | D- Suburban | Goregaon | 69 | 3.0 |
| Maleria | H -Vyanktesh Hospital | Shirpur | 29 | 19.6 |
| Paralysis | D- Jay Lebo | Patan | 81 | 17.5 |
| Parkinson | D- Xcel Center | Tardeo | 49 | 11.4 |
| Pregnancy | D- Dhran Diagno | Bhavnagar | 25 | 2.5 |
| Pregnancy | H -Param Hospital | Surat | 28 | 35.5 |
| Specs | D- Parag S. Shah | Goregaon | 11 | 2.0 |
| Specs | | Borivali | 55 | 0.9 |
| Specs | D- Jivdani | Virar | 63 | 0.5 |
| Spondilitus | | Borivali | 50 | 2.8 |
| Teeth | D- Smile care | VileParle | 68 | 18.5 |
| Teeth | D- snildentle | Borivali | 24 | 10.9 |
| Thyroid | D- Hitwardhak | Kandivali | 66 | 3.2 |
| Ulcer | H -Shrijee | Goregaon | 76 | 19.0 |
| Others | H- Shraddha | Bhayander | | 25.0 |
| Others | H -Gandodia Hospital | Shirpur | 9 | 4.1 |
| | | | | **1069.0** |

## Medicines (Rs '000)

| Disease | Resi | Age | Sanc 15-16 |
|---|---|---|---|
| Fever | Virar | 66 | 0.5 |
| Fracture | M.Drive | 75 | 1.8 |
| Gynec | Kandivali | 32 | 3.5 |
| Heart | Nalasopara | 81 | 2.0 |
| Heart | Bhayander | 59 | 1.1 |
| Heart | Nalasopara | 77 | 2.9 |
| Heart | Nalasopara | 76 | 2.5 |
| Heart | Nalasopara | 77 | 2.9 |
| Heart | Kandivali | 60 | 1.0 |
| Heart | Kandivali | 60 | 0.7 |
| Heart | Kandivali | 60 | 1.2 |
| Heart | Patan | 60 | 8.1 |
| Heart | Borivali | 83 | 1.8 |
| Heart | Borivali | 83 | 1.5 |
| Heart | Shirpur | 43 | 3.3 |
| Heart | Borivali | 72 | 1.4 |
| Heart | Malad | 65 | 2.0 |
| Heart | Malad | 65 | 2.0 |
| Heart | Malad | 65 | 2.0 |
| Heart | Surat | 58 | 1.6 |
| Heart | Surat | 58 | 1.2 |
| Heart | Surat | 55 | 1.6 |
| Heart | Paidhuni | 69 | 2.2 |
| Heart | Paidhuni | 69 | 2.9 |
| Heart | Ghatkopar | 65 | 2.2 |
| Heart | Ghatkopar | 60 | 3.6 |
| Heart | Bhayander | 75 | 2.6 |
| Heart | Surat | 75 | 1.6 |
| Heart, B.P. | Borivali | 79 | 0.8 |
| Heart, B.P. | Borivali | 76 | 2.2 |
| Heart, B.P. | Ghatkopar | 64 | 2.2 |
| Heart, Leg | Borivali | 80 | 0.8 |
| Hemoglobin | M. Drive | 83 | 2.3 |
| Hormoans | Borivali | 35 | 4.5 |
| Kidney | Borivali | 43 | 5.2 |
| Kidney | Shirpur | 72 | 3.1 |
| Leg | Borivali | 67 | 1.3 |
| Leg | Borivali | 67 | 0.9 |
| Leg | Vadodara | 66 | 2.2 |
| leg | Malad | 56 | 1.2 |
| Leg | Malad | 56 | 1.2 |
| Leg | Malad | 56 | 1.2 |
| Lungs | Borivali | 85 | 1.7 |
| Paralysis | Patan | 60 | 7.0 |
| Thyroid | Goregaon | 60 | 0.9 |
| Thyroid | Marine | 83 | 0.8 |
| | | | 194.0 |

# પાટણની ગૌરવ ગાથા - શ્રી પાટણ પાંજરાપોળ



**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ ખલીપુર પશુ આશ્રય સંકુલ**



**ચરણ વિહારમાં મુક્તપણે વિચરી રહેલા પશુઓ**

ઉત્તર ગુજરાતની ધન્યધરા પાટણ કે જ્યાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજના સદુપદેશથી અઢાર દેશોમાં 'અમારિ' પ્રવર્તન કરનાર અહિંસાના પ્રખર હિમાયતી કુમારપાળ મહારાજા થઈ ગયા, તે પાટણની પવિત્ર ધરાની ગરિમાને ઉજ્જવળ કરતી જીવદયા, અભયદાન, અહિંસા, કરૂણાની શ્રેષ્ઠ ભાવનાઓના ધ્યેય સાથેની શ્રી પાટણ પાંજરાપોળ ૧૬૪ વર્ષ પહેલા શરૂ કરવામાં આવી હતી.

સયાજીરાવ ગાયકવાડ દ્વારા વર્ષો અગાઉ હજારો વિઘા જમીન, પશુઓના લાલન પાલન, જાળવણી માટે સંસ્થાને ભેટ આપવામાં આવી હતી. અબોલ પશુઓની ક્રુર હત્યા રોકવા, માંદા પશુને સારવાર આપી શાતા આપવાના અને બીન વારસી પ્રાણીઓને આશ્રય આપવાના શુભ આશયથી આપણા ધર્માનુરાગી વડીલોએ જીવદયા ક્ષેત્રે નક્કર કાર્યો કરવાની નેમ સાથે **ખોડીદાસ ધરમચંદની પેઢીની** સ્થાપના કરી હતી. કાળક્રમે તેનું નામાંતર **શ્રી પાટણ પાંજરાપોળ** તરીકે થયેલ છે.

પાટણ પાંજરાપોળની સ્થાપનામાં **શેઠ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી, શ્રી રામદાસ કીલાચંદ, શ્રી ભોગીલાલ લહેરચંદ, શ્રી પોપટલાલ ભીખાચંદ, શ્રી સુંદરલાલ રાયચંદ, શ્રી સેવંતીલાલ ખેમચંદ, શ્રી જીવણલાલ છોટાલાલ** ઈત્યાદીનો મુખ્ય ફાળો રહ્યો હતો.

પાટણ તેમજ આજુબાજુના ગામડાઓમાં ન ધણિયાતા, રસ્તે રઝળતા ઢોરોને પકડીને સત્તાવાળાઓ હરાજી દ્વારા વેચી દેતા હતા, તે નિર્દોષ ઢોરોને કતલખાને લઈ જવાતા હતા. આવી હિંસક પ્રવૃત્તિઓને અટકાવવા માટે સંસ્થા આવા ઢોરોને પાંજરાપોળમાં રાખી અભયદાન આપે છે.

વર્ષ દરમ્યાન આવા સેંકડો પશુ આવે છે. પશુના માલિકો માંદા અને ઉપયોગી ના હોય તેવા પશુને સાચવી ન શકતા, તેઓ પાંજરાપોળને સોંપી દે છે. દિન પ્રતિદિન આ સંખ્યામાં જબરદસ્ત વધારો થતો રહ્યો છે આવી પરિસ્થિતિમાં પાટણ ખાતે પીપળાશેરીમાં આઝાદચોક ખાતે આવેલી પાંજરાપોળની ક્ષમતા ઓછી હોવાને કારણે પાટણની બાજુમાં જ આવેલા ખલીપુર ગામ ખાતેની **લગભગ ૭૦ એકર ભૂમિનું સંપાદન કરી સને ૨૦૦૨માં સ્વચ્છ, હરિયાળી તેમજ વિશાળ જગ્યામાં આ પાંજરાપોળનું કાર્યક્ષેત્ર વિસ્તારવામાં આવ્યું છે.**

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અકળ ઉંડાણમાંથી નીકળતી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્ય લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોકતા બને છે.

આ કાર્યમાં મુખ્યત્વે **શ્રી જે.કે.શાહ, શ્રી કંચનલાલ વાડીલાલ શાહ, શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ, શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ, શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મણીયાર** ઈત્યાદી સંચાલકોનો શ્રેષ્ઠતમ ફાળો રહ્યો હતો. પાંજરાપોળનું નવીનીકરણ બાદ ઉદ્‌ઘાટન તા. ૨૮-૧૨-૨૦૦૪ના રોજ **ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના** વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

જીવદયા પ્રેમી પાટણના કપુરમહેતાના પાડાના વતની **શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ** (એન. કુમાર ડાયમંડ)ની ઉદાર સખાવત મળતાં **ખલીપુરના સંકુલ સાથે તેમનું** નામ જોડવામાં આવ્યું.

પશુઓને ખાવા તથા પાણી માટેની તેમજ નિયમીતપણે નવડાવી સ્વચ્છતા જળવાય તેવી વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. દરરોજ નવકારમંત્રના સ્મરણ દ્વારા ધર્મ પમાડવાની પણ જોગવાઈ કરાઈ છે.

પશુઓને રહેવા માટે સંપૂર્ણ હવા-ઉજાશવાળા, ગરમીમાં રાહત માટે સીલીંગ ફેન, ટ્યુબલાઈટ વિગેરેની સુવિધા સાથેના લગભગ ૪૫ શેડ બનાવવામાં આવેલ છે.

આવી ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ થતાં ઢોરોને અપાર શાતા અને



આધુનિક-સુવિધા સભર પશુ શેડ




શ્રેષ્ઠ પાંજરાપોળનો શ્રી મહાવીર જીવદયા એવોર્ડ-૨૦૦૬

દાતા અને જીવદયા પ્રેમીઓમાં અત્યંત લાગણીઓનો સંચાર થયેલ છે. આ સંપૂર્ણપણે વિસ્તરણ પામેલી **શ્રી પાટણ પાંજરાપોળને ગુજરાત સરકારની રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા ગુજરાત રાજ્યના સ્થાપના દિને તા. ૧-૫-૨૦૦૬ના રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે પોરબંદર મુકામે ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ પાંજરાપોળનો ''શ્રી મહાવીર જીવદયા એવોર્ડ - ૨૦૦૬'', પારિતોષીક, મોમેન્ટો, પ્રસસ્તિપત્ર સાથે રૂા. ૫૧૦૦૦નો ચેક એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું.**

**જીવદયા તરીકે અબોલ પશુઓ વ્યવસ્થિત દેખરેખ માટે અપાતા દાનના** પુણ્ય પ્રતાપે ભવાંતરમાં મૂઢપણું, મૂકપણું અને મૂરખપણું અને અપંગતા આવતી નથી, તેમજ તંદુરસ્ત કાયાની પ્રાપ્તિ થાય છે તેવા અભયદાનના અભિયાનમાં જીવદયા પ્રેમીઓએ સદાયે તત્પર રહી દાનની અવિરત ધારા વહાવી છે. પરિવારમાં જન્મદિન, લગ્નદિન, વડીલોની પૂણ્યતિથિ જેવા અનેક નાના-મોટા ધાર્મિક પ્રસંગોએ આ સંસ્થાને માતબર સખાવતો મળતી રહે છે અને આ સંસ્થા આજે નાનકડા છોડમાંથી વિશાળ વટવૃક્ષ બની છે અને આ પાંજરાપોળમાં **૨૫૦૦ જેટલા** પશુ આશ્રય લઈ રહ્યા છે. જેનો વાર્ષિક ખર્ચ લગભગ **૨.૫૦ કરોડ** સુધીનો સંસ્થા કરી રહી છે. ઘાસચારાના ભાવમાં થતાં સતત વધારા અને ગુજરાતના અનિશ્ચિત વરસાદની અને દુષ્કાળની પરિસ્થિતિના કારણે ઘણા વર્ષોથી આ સંસ્થામાં ખર્ચ વધતો જાય છે.

આ સંકુલમાં સંપૂર્ણ હવા-ઉજાસવાળું, વેન્ટીલેટર, ડબલડેકર ટાઈપનું વિરાટ ક્ષમતા ધરાવતા ઘાસનો સંગ્રહ કરવા ત્રણ મોટા ગોડાઉનો બનાવવામાં આવેલ છે, જેમાં ઘાસથી ભરેલી આખી ટ્રક / ટ્રેક્ટર વિના અવરોધે અવર-જવર કરી શકે છે. માંદા પશુઓને વેટેનરી ડૉક્ટર દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે. પાંજરાપોળના પરીસરના અમુક ભાગમાં ઘાસનું વાવેતર કરવામાં આવે છે. પશુઓને નિરણની સાથોસાથ અવસરે લાપસીનું આંધણ પણ પુરુ પડાય છે.

પશુ આશ્રય સંકુલ પરિસરમાં તળાવ પણ આવેલ છે, જ્યાં જીવોને ચારા અર્થે લઈ જવામાં આવે છે તથા નિર્મળ જળ પીવડાવવામાં આવે છે. મજકુર સમયે પ્રત્યેક ખાલી પડેલ શેડોની છાણ-મળ-મૂત્ર ઈત્યાદિની સફાઈ કરવામાં આવે છે.

ગાય, ભેંસ, બળદ, વાછરડાની સાથોસાથ ઘેંટા-બકરા જેવા નાના પશુઓની પણ યોગ્ય દેખભાળ કરવામાં આવે છે. તેમજ તેમને પણ અલગ આશ્રય સ્થાન શેડ ખાતે સાચવવામાં આવે છે.

નવા પશુ આશ્રય સંકુલમાં સંસ્થાનું પોતાનું બે મજલા ધરાવતી પાકી ઈમારત સાથેનું અદ્યતન સુવિધા સભર કાર્યાલય નિર્માણ કરવામાં આવેલ છે. જ્યાં રહીને કર્મચારીઓ દ્વારા અબોલ જીવોની દેખભાળ રાખવામાં આવે છે. અહીંના કર્મચારીઓ દ્વારા અવારનવાર પાંજરાપોળની મુલાકાતે આવતા ભાઈ-બહેનોને નમ્રતા પૂર્વક પાંજરાપોળના સંચાલનથી અને કાર્યરત, પ્રવૃત્તિઓથી વાકેફ કરવામાં આવે છે. સાથોસાથ નિરણ-ખોળ તથા ગોળ તેમના હાથે પશુઓને ખવડાવવામાં આવે છે.

પશુઓને અરિહંત પરમાત્માનું સતત દર્શન - વંદન થઈ શકે તેવા શુભ આશયથી જમીનથી થોડીક ઊંચાઈએ અરિહંત પરમાત્માની ચર્તુમુખ મંગળમૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. સુપાત્રક્ષેત્રે દાન કરવાથી ધનમાં વૃદ્ધિ થાય છે. મૂંગા અબોલ નિર્દોષ જીવોના અંતરમાંથી નીકળતો સંતોષનો ઓડકાર આપણી બરકતમાં વૃદ્ધિ કરે છે. પશુઓનો પોકાર સાંભળી લૌકિકથી અલૌકિક જીવન યાત્રા કરનાર નેમ-રાજુલ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, સદીઓથી પૂજ્ય પાત્ર બની શકયા છે. વેદો, પુરાણો અને ઉપનિષદોમાં ગાય, બળદ અને વૃષભનું મહાત્મ્ય વર્ણવ્યું છે.

પાટણ પાંજરાપોળમાં આવેલ દરેક પશુ યોગ્ય ખોરાક, નિર્ભયતા અને સલામતીની ભાવનાથી પ્રસન્ન જીવન વિતાવે છે,



પશુ આશ્રય શંકુલના મુખ્ય દાતા શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહને શાલ ઓઢાડી બહુમાન કરતા ટ્રસ્ટીઓ શ્રી જે.કે. શાહ અને શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ



દીપ પ્રાગટ્ય કરતા વિવિધ સમાજના મહાજનો



મંચ પર ઉપસ્થિત મહાનુભવો તથા સંસ્થાના હોદ્દેદારો

જેના કારણે પશુઓના રોમે રોમમાંથી ઉદ્‌ભવતા શાંતિના સ્પંદનો સંસ્થાના કાર્યકરોના હૃદયને ઠારે છે.

પાટણ પાંજરાપોળના વિકાસમાં **શ્રી પનાલાલ મફતલાલ ચુડઘર અને શ્રી પ્રતાપભાઈ ભોગીલાલનો** ફાળો ખૂબજ મહત્વનો રહ્યો હતો, કોઈપણ જાતના પદની લાલસા વિના માત્ર ને માત્ર તેના વિકાસ માટેના પ્રયત્નોના પરિણામે આજે આપણે પાંજરાપોળને વિશાળ અને વધુ સુવિધાજનક અવસ્થામાં જોઈ રહ્યા છીએ.

**દાતાઓ દ્વારા યોજના પ્રમાણે અપાયેલ દાનની યાદી ગ્રેનાઈટની તક્તી ઉપર અંકીત કરવામાં આવેલ છે, તેમજ કાયમી તિથિના દાતાઓના નામો દૈનિક બોર્ડ ઉપર લખવામાં આવે છે.**

પશુઓ માટે શેડમાં જ પીવાનું પાણી પણ ગળાયેલું અપાય છે અને તેવી રીતના જ પાણીના મોટા હવાડાનું નિર્માણ કરવામાં આવે છે. તેમના આવવા - જવા માટેની સુચારુ વ્યવસ્થાનું પણ ધ્યાન રાખવામાં આવેલ છે. બીમાર પશુઓ માટે અલાયદા શેડનું આયોજન કરાયેલ છે ત્યાં સવાર-સાંજ સંપૂર્ણપણે જીવોનું ધ્યાન રાખવામાં આવે છે. આ વિશાળ સંકુલમાં પશુઓ માટે અલાયદુ દવાખાનાનું નિર્માણ કરવામાં આવેલ છે.

પશુ સુરક્ષા માટે પાટણ પાંજરાપોળની ફરતે ચારેકોર પાકી ઈંટોની ઊંચી દિવાલનું ચણતર કરવામાં આવેલ છે. ચોમાસા દરમ્યાન પાણી સંગ્રહ કે કાદવ, કીચડ, ગારાનું નિર્માણ ન થાય તે માટે પાટણ પાંજરાપોળમાં લાદીઓનું ફ્લોરીંગ કરેલ છે.

આપણી પાંજરાપોળમાંની ગાયોના સવારના દૂધનું વિતરણ પાટણ ખાતેના જિનાલયોમાં પક્ષાલ માટે કરવામાં આવે છે. પ્રાણી અને માનવ એકબીજા સાથે શરૂઆતથી જોડાયેલ હોય છે. એક બીજાવગર બન્નેનું જીવન અસંભવ છે. **ગાંધીજી કહેતા કે... કોઈપણ દેશની સંસ્કૃતિ લોકો દ્વારા પ્રાણીને કેવી રીતે સાચવવામાં આવે છે તેનાથી નક્કી થાય છે.**

પાટણ પાંજરાપોળને પગભર બનાવવા કાયમી શેડ ફંડ, આધાર સ્તંભ, ચિકિત્સા ફંડ, પક્ષી ચણ ઈત્યાદી વિવિધ યોજનાઓમાં આર્થિક સહયોગ આપી મહાન પુણ્યાનુંબંધી પુણ્યનું ઉપાર્જન કરનાર વ્યક્તિઓ, સંસ્થા, મહાજનો ઈત્યાદી સર્વે નાના-મોટા દાતાઓનો સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

**અશ્રુ ટપકતી આંખો ચારે કોર નિહાળે,**
**કોઈ અમારા આંસુ લુછો, કષ્ટો કોઈ નિવારો !**

પાટણ પંચાસર ખાતેના આઝાદ ચોક ખાતે આવેલ જૂની પાટણ પાંજરાપોળની ઓફીસે ખલીપુર પશુ આશ્રય સંકુલની મુલાકાત માટેની રજૂઆત કરવામાં આવતાં, ખલીપુર આવવા જવા વાહનની વ્યવસ્થા કરી આપવામાં આવે છે.

પાંજરાપોળના તોટાને પહોંચી વળવા તેમજ પશુઓને આધુનિક સુવિધાઓ ઊપલબ્ધ બને તે માટે વર્તમાનના સંચાલકો ફંડ એકઠુ કરવા સતત કાર્યશીલ રહ્યા છે.

હાલમાં જ **''પશુ દત્તક યોજના'' માટે રવિવાર, તા. ૧-૧૧-૨૦૧૫ના સાંજે, જમશેદ ભાભા થિયેટર, નરીમન પોઈન્ટ, મુંબઈ ખાતે મ્યુઝિકલ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ.**

**કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના સેક્રેટરી શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ દ્વારા પધારેલ સર્વે મહાનુભવોનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ** તેમજ જીવદયા જેવો કોઈ ધર્મ નથી તેની વિસ્તૃત રજુઆત કરવામાં આવેલ.

આ પ્રસંગે મ્યુઝિકલ કાર્યક્રમ પહેલા પાટણ પાંજરાપોળની સ્થાપનાથી આજ પર્યંતના વિકાસ ગાથાની રજૂઆત કરતી Short Documentory સ્ટેજ ઉપરની બે LED Screens ઉપર પ્રસારીત કરવામાં આવી, જેને નિહાળી ઉપસ્થિત સદસ્યોના અંતર અને નયન ભીના બની ગયા હતા.

**શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ** દ્વારા નવકારમંત્રના સ્મરણ તેમજ અરિહંતો ભગવંતના શ્લોકની લયબદ્ધ રજુઆતથી વાતાવરણ વધુ ધર્મમય બનાવવામાં આવેલ.

આખાયે પ્રોગ્રામના સ્પોન્સર અને ટ્રસ્ટી **શ્રી નીરંજનભાઈ અમૃતલાલ શાહ, શ્રી નરેશભાઈ કાંતિલાલ ઝવેરી** (સાધર્મિક ભક્તિ અભિયાન તથા જીવદયાના દાતા), **શ્રી અનુભાઈ ગીરધરલાલ ઝવેરી** (ગોડીજી પાર્શ્વનાથ જીનાલયના ટ્રસ્ટી અને ધર્મમાં શ્રેષ્ઠ દાન આપનાર), **શ્રી મંગલપ્રભાત લોઢા** (મહારાષ્ટ્ર રાજ્યના વિધાન સભાના MLA અને લોઢા ફાઉન્ડેશનના ટ્રસ્ટી), **શ્રી હિતેશભાઈ માણેકજી મોતા** (ધાર્મિક પ્રવૃત્તિઓમાં દાન આપનાર શ્રેષ્ઠી), **શ્રી તનીલભાઈ કીલાચંદ** (નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીના



કાર્યક્રમનું સંચાલન કરતા માનદ મંત્રી શ્રી દીપકભાઈ આર. શાહ



નવકાર મંત્રનું પઠન કરતા શ્રીમતી કલ્પનાબેન વી. શાહ



પ્રાસંગીક ઉદબોધન કરતા ટ્રસ્ટીશ્રી વિરેન્દ્ર પી. શાહ



પ્રાસંગીક વકતવ્ય કરતા શ્રી ગીરીશભાઈ (સમસ્ત મહાજન)



આભાર વિધી કરતા માનદ મંત્રી શ્રી યશવંતભાઈ ઝવેરી

પ્રમુખ ટ્રસ્ટી), **શ્રી ગિરીશભાઈ શાહ** (સમસ્ત મહાજનના ટ્રસ્ટી), **શ્રી પરેશભાઈ શેઠ** (નંદપ્રભા, પાલીતણાના ટ્રસ્ટી), **શ્રી સેવંતીભાઈ કપાસી** (ચુડા પાંજરાપોળના મેનેજીંગ ટ્રસ્ટી) વગેરે સમાજના આગેવાનો ઉપરાંત શ્રી પાટણ પાંજરાપોળના ટ્રસ્ટીઓ **શ્રી જે.કે. શાહ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ, શ્રી પંકજભાઈ પનાલાલ, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ** વગેરે મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી ઓડીટોરિયમમાં અંતરના ઓજસ પાથરવામાં આવ્યા.

પાટણ પાંજરાપોળને અર્પેલ નિઃસ્વાર્થ સેવા બદલ **શ્રી મુક્તીભાઈ ચીમનલાલ શાહ - સ્થાનિક મંત્રી, શ્રી અશ્વીનભાઈ મણીકાંત ગોસ્વામી - મેનેજર, શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ** ઈત્યાદિનું શાલ તથા મોમેન્ટો અર્પણ કરી, પાટણ પાંજરાપોળના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિના સદસ્યો દ્વારા અભિવાદન કરવામાં આવેલ. આ પ્રસંગે અનિવાર્ય કારણોસર પાટણ પાંજરાપોળના ભુતપૂર્વ પ્રમુખ તરીકે અમૂલ્ય યોગદાન આપનાર **શ્રી છનાલાલ પ્રેમચંદ શાહ** હાજર રહી શક્યા નહોતા.

આ પ્રસંગે ટ્રસ્ટી **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહે** પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે, છેલ્લા ૨૦ વર્ષમાં પહેલી વાર પાટણ સમાજ સમક્ષ સામુહિક દાન માટે અપીલ કરી હતી અને પાટણના જીવદયા પ્રેમીઓના પ્રચંડ પ્રતિસાદ અને સહકારને બિરદાવ્યા હતા અને કહ્યું કે **આજનો દિવસ પાટણના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે કે, પટ્ટણીઓએ ખોબે ખોબા ભરીને પાટણ પાંજરાપોળની ઝોળીને દાનથી છલકાવી દીધી છે અને એ પણ ફક્ત એક જ મહિનામાં.** આટલા ઓછા સમયમાં ઘણાનો સંપર્ક કરવાનો રહી ગયો હોવાથી અમને ક્ષમ્ય ગણશો. આ પુણ્ય ઉપાર્જિત missionમાં સૌ કોઈ હંમેશા જોડાઈ શકે છે.

પટ્ટણીઓની અમીરાઈ અને ખમીરાઈના દર્શન આપણા સૌનો જીવદયા માટેનો પ્રેમ, priority અને ફરજમાં દેખાઈ આવે છે એ પણ સ્વાભાવિક છે. કારણ કે પાટણને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ મહારાજાનો વારસો મળેલ છે. આ જીવદયાના સંસ્કાર આપણને સૌને જન્મથી ગળથુથીમાં જ મળ્યા છે.

સાથે સૌને જાણીને આનંદ થશે કે, **ઐતિહાસિક એવું record breaking ૩૦૦ દાનવીર પરિવારો પાસેથી રૂા. ૬.૪૦ કરોડના વચનો મળ્યા છે. અત્યાર સુધીમાં દોઢ કરોડ રૂપિયા દાન પેટે મળી ચૂક્યા છે.**

જે બદલ દાતાઓ પ્રત્યે આભારભાવ વ્યક્ત કરવામાં આવ્યો. સાથોસાથ મજકુર ભંડોળ દ્વારા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર તથા રેવન્યુ ખર્ચાઓ, ઘાસના સ્ટોક માટે મોટું ગોડાઉન બનાવી, સીઝનના સમયે ઓછા ભાવે ખરીદી કરી સ્ટોક કરવો, યોગ્ય ઈન્સ્યોરન્સ લેવો. ઘાસનું ઉત્પાદન વધારવું વિગેરે કે જેથી વાર્ષિક ખર્ચમાં મોટો બચાવ થાય. વળી પ્રાણીઓના સ્વાસ્થ્ય માટે આધુનિક ICU unit નું આયોજન કરવું. વગેરે માહિતી આપવામાં આવી હતી.

સામુહિક તપ, જાપ કે જાત્રા તથા સામુહિક ધર્મનો લાભ અનંતગણો હોય છે એ આપણે સૌ જાણીએ છીએ તેમજ આ સામુહિક જીવદયાના દાનનો લાભ અને પુણ્ય પણ અનંતગણો સૌને મળશે જ.

